# Chapter- 4

## પ્રકરણ–૪

## સંપાદનકાર્ય

વિવેચક શિરીષ પંચાલે સંપાદનકાર્ય પણ સારા પ્રમાણમાં કર્યું છે. મેં વિવેચકના દસ સંપાદિત પુસ્તકોના અનુસંધાનમાં એમની સંપાદકીય નોંધ વિશે તથા એમના સંપાદિત પુસ્તકના પ્રયોજનની, અને એમના દષ્ટિકોણની મૂલ્યાંકનલક્ષી ચર્ચા કરી છે. સંપાદનો ઘણી રીતે થતાં હોય છે, જેમકે કોઈ સર્જકની ઉત્તમ કૃતિઓને આધારે, સમયાનુક્રમના આધારે, સાહિત્યસ્વરૂપો વિશે, વ્યાખ્યાનોને લઈને, લેખો, વિશે, સર્જક કે કૃતિ વિશે થતાં વિવેચનલક્ષી સંપાદનો, સાહિત્યિક અભિગમ વિશેના સંપાદનો થતાં રહે છે. સંપાદકનું કાર્ય ઘણું જવાબદારી ભર્યું હોય છે. સંપાદન દરમ્યાન સામગ્રીને પસંદ કરતી વખતે તો સભાનતા રાખવી જ પડે છે. પરંતુ, સંપાદકે એ સામગ્રી વિશેના પોતાના મંતવ્યો, તારણો, નિરીક્ષણો જણાવી સંપાદનનું પ્રયોજન સ્પષ્ટ કરી આપવાનું હોય છે. વિવેચકનું સંપાદનકાર્ય પણ એમની સૂઝ, સમજ જે વિવેચક તરીકેની છે એને ઉપસાવી આપવામાં મદદરૂપ થઈ શકે એમ હોવાથી મેં એમનાં સંપાદનકાર્ય વિશેની નોંધ લીધી છે.

વિવેચકના સંપાદનોમાં મોટાભાગે સંપાદકીય નોંધ હોય છે. ટૂંકીવાર્તાનાં સંચય, નિબંધનાં સંચયની સંપાદકીય નોંધમાં આસ્વાદની સાથે સાથે એમના નિરીક્ષણો, મૂલ્યાંકનો અને તારણોની પ્રાપ્તિ થાય છે. એમના બે એક સંપાદનોમાં સાહિત્ય સિવાયના ક્ષેત્રોને પણ આવરી લેવામાં આવ્યાં છે. આમ કરવાનું કારણ એમની પ્રાસ્તાવિક નોંધમાંથી પ્રાપ્ત થાય છે.

વિવેચકે અન્ય સંપાદિત પુસ્તકોની તુલનાએ વાર્તાસંચય વધુ કર્યા છે. 'માનીતી અણમાનીતી' (બીજી.આ.૧૯૮૫) 'ભાવયામિ' (૧૯૮૪) 'ગુજરાતી વાર્તાસંચય ખંડ ૧-૨' (પ્ર.આ.૧૯૯૯), ગુજરાતી નવલિકા ૨૦૦૧ (પ્ર.આ.૨૦૦૪) 'સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ ખંડ ૧-૨-૩-૪-૫-૬' (પ્ર.આ.૨૦૦૩ - ૦૬) જેવા સંપાદિત પુસ્તકોમાં સંપાદકીય લેખમાં સામગ્રીના નિરીક્ષણો, મૂલ્યાંકનો કર્યા છે. વાર્તાના સંપાદનમાં વાર્તાકારનો વિકાસ, એમના લેખનમાં આવતાં પરિવર્તનો, બીજા વાર્તાકારોથી એમની જુદી પડતી શૈલી જેવી બાબતોની ચર્ચા કરે છે. અને સંપાદન કરવાનો હેતુ એમના મૂલ્યાંકનો, નિરીક્ષણો

અને તારણોમાંથી પ્રાપ્ત થઈ આવે છે. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત' (પ્ર.આ.૧૯૯૧), ' વીસમી સદીનું ગુજરાત' ( ૨૦૦૨) જેવા ગ્રંથમાં સાહિત્યની સાથે અન્ય ક્ષેત્રોને આવરી લીધાં છે. પ્રજામાં જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આ કાર્ય કર્યું છે. 'શોધ નવી દિશાઓની' (પ્ર.આ.૧૯૯૩), 'વિવેચન પોથી' (પ્ર.આ.૨૦૦૮) જેવા ગ્રંથો વિવેચન પ્રવૃત્તિની નોંધ લે છે. વિવેચનકાર્યને પ્રકાશમાં આણવાનું પ્રયોજન છે.

**'માનીતી અણમાનીતી'** (બીજી.આ.૧૯૮૫) સુરેશ જોષીની વાર્તાઓ વિશેનું સંપાદન છે. આ સંપાદનમાં સુરેશ જોષીની ૨૧ વાર્તાઓનો સમાવેશ થાય છે. વિવેચકે વાર્તાઓને ઐતિહાસિક સમયાનુક્રમમાં રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. સંપાદકીય નોંધમાં સુરેશ જોષીની સાહિત્યિક ભાવનાનાં ઘડતર પાછળ મુખ્ય ભાગ ભજવનાર પરિબળોમાં એમના શૈશવ અને એમના વતનને મહત્વનું માન્યું છે. એ વતનથી નગરસંસ્કૃતિમાં આવતાં સર્જક વર્તમાનમાં ટકી રહેવા માટેની ભૂમિકાની શોધ ચલાવે છે એ વાતને વિવેચકે અન્ય સર્જકોના અનુસંધાનમાં પણ કરી છે અને એ વાત સુરેશ જોષીને લાગુ પડે છે એમ નોધ્યું છે. સુરેશ જોષીની વાર્તાઓનું સંપાદન કરવા પાછળનું પ્રયોજન એમના સંપાદકીય લેખમાંથી જ પ્રાપ્ત થાય છે. સુરેશ જોષીની વાર્તાઓ એમના પુરોગામીથી જુદી પડે છે. એમની વાર્તામાં ઘટનાના પરિમાણ કેવા બદલાય છે એ મહત્ત્વની બાબત બને છે. ગાંધીયુગીન સાહિત્યમાં સુરેશ જોષીને આદર્શો પોકળ લાગતાં એનો અસ્વીકાર કર્યો. વાર્તાકાર સુરેશ જોષીએ રૂપરચના, ટ્રેકનિકને મહત્ત્વ આપ્યું. વિશ્વસાહિત્યના સંપર્કના કારણે ઉત્તમ વાર્તાઓ વિશેનું ધોરણ સ્વીકાર્યું હતું.

સુરેશ જોષીની પહેલાંની વાર્તાઓમાં સામગ્રીને કળા માની લેવામાં આવી હતી. સુરેશ જોષી વાસ્તવિકતા, જીવનના પ્રશ્નોને સામૂહિક માધ્યમો માટે રહેવા દઈ એવી સમસ્યાઓને સ્પર્શે છે જેને કળાકાર સ્પર્શી શકે. તથા સંકુલ સમસ્યાઓને આકારે છે. એમની સર્જન સૃષ્ટિમાં અદ્‌ભૂત અને ભયાનક રસ વર્ચસ્વ ધરાવે છે. રૂપરચનાને સિદ્ધ કરવા ઘટનાહ્રાસની પ્રયુક્તિનો વિનિયોગ કરે છે. આ વાર્તાકારની વાર્તા એમના પુરોગામી વાર્તાકારોથી જુદી પડે છે તથા આ વાર્તાકાર પર આપેક્ષો લગાવવામાં આવ્યાં છે એની ચર્ચા તર્કબદ્ધ ભાષામાં વિવેચક કરે છે.

વિવેચકનું પ્રયોજન એ દર્શાવી આપવાનું છે કે સુરેશ જોષીની વાર્તાઓ એમની જ અન્ય વાર્તાઓમાં વિસ્તરતી જોવા મળે છે. એમની વાર્તાઓ જે–જે ભૂમિકાએ ઉત્ક્રાન્ત થાય છે એની નોંધ પણ વિવચક લે છે. એમની વાર્તાઓ પુરોગામીથી જુદી કેમ પડે છે તથા એનું શું કારણ છે એની ચર્ચા વિવેચકે તુલનાત્મક અભિગમે રજૂ કરી છે. પ્રયુક્તિઓ, ભાષાનું કલેવર, ટૂંકીવાર્તાની વિભાવનાનું નવેસરથી ઘડતર, વાર્તામાં નિરૂપતિ થતા વસ્તુનાં સંદર્ભે ભાષામાં પરિવર્તન, કપોળકલ્પિતને રજૂ કરવાની એમની રીત, વાતાવરણમાં આવતો બદલાવ જેવી બાબતો સુરેશ જોષીને પુરોગામી વાર્તાકારથી જુદા પાડે છે.

**'સામાન્ય પ્રતિભા ધરાવતા લેખક પણ પાંચ-સાત વર્ષમાં સરળતાથી ત્રણ ચાર વાર્તાસંગ્રહો તો સહેલાઈથી ધરી દે એવી સ્થિતિ પ્રવર્તતી હતી. આવી સ્થિતિમાં સુરેશ જોષી પોતાની વાર્તાઓ પુરોગામી વાર્તાની વિવેચના તરીકે લઈને આવે છે.'**[૧૮૧]

આમ સુરેશ જોષીની વાર્તાઓ પુરોગામીથી જુદી પડે છે એ દર્શાવી. આ સંગ્રહની વાર્તાઓનો આસ્વાદાત્મક પદ્ધતિએ મૂલ્યાંકનપરક ભાષામાં પરિચય કરાવ્યો અને સાથે સાથે એમના અન્યસંગ્રહોની ચર્ચા તુલનાત્મક અભિગમે એમની વાર્તાઓના સંદર્ભે કરતાં ગયાં. વિવેચકનું આ સંપાદન મહત્ત્વનું બની રહે છે. સુરેશ જોષીની વાર્તા વિશે અમુક ભાવકોને જે દુર્બોધતાની પ્રતીતિ થાય છે. એની પણ સ્પષ્ટતા આ સંપાદકીય નોંધમાં થઈ જાય છે. વિવેચકે કૃતિલક્ષી અને ઐતિહાસિક સંદર્ભમાં કૃતિઓની તપાસ કરી છે.

'ભાવયામિ' (૧૯૮૪) માં નિબંધ સંગ્રહનું સંપાદન કર્યું છે. સુરેશ જોષીના નિબંધો પુરોગામી નિબંધકારોથી જુદાં પડે છે. વિવેચકે ઉપર મુજબની વાત જણાવીને અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભમાં નિબંધ લખાતાં હતાં. પરંતુ એ નિબંધોમાં સૌન્દર્યાત્મકતાના સ્થાને ચિંતનાત્મકતા પ્રભુત્વ ધરાવતી હતી એનો નિર્દેશ કરી આપ્યો છે. ગાંધીયુગીન નિંબધકાર કાકાસાહેબ કાલેલકરના નિબંધોમાં સૌન્દર્યાત્મકતાની પ્રતિષ્ઠા થઈ. પરંતુ કાકાસાહેબ કાલેલકરનો પ્રભાવ સુરેશ જોષી પર નથી પડયો. એમની પર તો રવીન્દ્રનાથ ઠાકુરનો પ્રભાવ પડયો છે. કાકાસાહેબ

કાલેલકર અને સુરેશ જોષીના નિબંધોમાં જોવા મળતાં ભેદને વિવેચકે ઉચિત પરિપ્રેક્ષ્યમાં દર્શાવી આપ્યો છે. કાકાસાહેબ કાલેલકારનાં નિબંધોમાં દષ્ટિગોચર કલ્પનો જોવા મળે. એ પાછળનું કારણ પણ વિવેચકે દર્શાવી આપ્યું છે જે જાતિવાદી અભિગમ તરફ અંગુલિનિર્દેશ કરે છે. જયારે સુરેશ જોષી કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી મુકત થઈને ઈન્દ્રિયગોચર વિશ્વ તરફ લઈ જાય છે. **'પરોક્ષતાના આ યુગમાં પ્રત્યક્ષતાથી જીવવાની અને એ રીતે નવેસરથી માનવ બનવાની ભાવકને ફરજ પડે છે.'**[૧૮૨]

સુરેશ જોષીના નિબંધો બીજી રીતે પણ એમના પુરોગામીઓથી જુદાં પડે છે એની પણ વિવેચકે સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં નોંધ લીધી છે. **'અત્યાર સુધીના નિબન્ધોમાં કાકાસાહેબ કાલેલકરની રચનાઓમાં પણ એકી સાથે અનેક શૈલીઓ જોવા મળતી ન હતી, પણ સુરેશ જોષીના નિબન્ધોમાં આત્મકથનાત્મક, ચિન્તનાત્મક, કાવ્યાત્મક, કથનાત્મક અને વિવેચનાત્મક શૈલીઓનો સંવાદ જોવા મળે છે.'**[૧૮૩] આમ વિવેચકે સુરેશ જોષીના નિંબધો કેવી રીતે બીજા નિબન્ધકારોથી જુદાં પડે છે એ દર્શાવી આપવાનું પણ પ્રયોજન આ સંપાદન પાછળ રાખ્યું છે એમ કહી શકાય.

વિવેચકે સંપાદકીય નોંધમાં મહત્ત્વની વાત સર્જક-વિવેચક એવા સુરેશ જોષી માટે એ કહી છે કે, એમના સર્જન અને વિવેચનનો તાગ મેળવવા માટે એમના આ નિબંધોમાંથી પસાર થવું જરૂરી છે. એમનું એ પ્રયોજન પણ આ નિબંધ સંગ્રહના સંપાદન પાછળનું પ્રયોજન હોઈ શકે. સુરેશ જોષીના નિબંધમાં આવતી સામગ્રી, કલ્પનો, ભાષા, સંવેદના વિશે વિવેચકે એમનાં નિબંધના અનુસંધાનામાં જ ચર્ચાઓ કરી છે. સુરેશ જોષીના આ નિબંધ પરમ્પરાગત નિબન્ધ સ્વરૂપના વિદ્રોહ માટે જ લખાયા છે. વિવેચકે એમની (સુ.જોષીની) નિબંધકાર તરીકેની વિશેષતાનો નિર્દેશ કરી આપ્યો છે. **'નિબન્ધ જેવા સ્વરૂપમાં સર્જકના વ્યકિતત્વની મુદ્રા મ્હોરી ઊઠતી હોવાને કારણે સુરેશ જોષી જાગતિક સન્દર્ભો વિશે જે પ્રતિભાવો ધરાવે છે તેની જાણ આ બધી રચનાઓ દ્વારા થાય છે. પણ આ પ્રતિભાવો પત્રકારની હેસિયતથી આલેખાયા ન હોવાને કારણે અને તેમાં સર્જકનો વ્યકિત**

**વિશેષ ભળ્યો હોવાને કારણે તે ઉત્તમ સાહિત્ય રચનાઓ તરીકે સ્થાન પામી શકી** છે.'[૧૮૪] સુરેશ જોષીના નિબંધો ઉત્તમ રચના તરીકે સ્થાન પામે છે એને પ્રકાશમાં આણવા માટે આ સંપાદન કરવા પાછળ એમની દૃષ્ટિ કાર્યગત નીવડી છે.

**'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત'**(પ્ર.આ.૧૯૯૧) સંપાદિત ગ્રથમાં વિવેચકે કળા, રંગભૂમિ, નૃત્ય, સંગીત, સિનેમા, કવિતા, ટૂંકીવાર્તા, નવલકથા, લલિત નિબંધ, ચરિત્ર સાહિત્ય અને પ્રવાસ સાહિત્ય, વિવેચન, શૈક્ષણિક સમસ્યાઓ, પત્રકારત્વ, ટેકનોલોજી, રાજકારણ, સામાજિક જીવન, સ્ત્રી વિષયક પ્રશ્નો વિશેનાં લેખોનો સમાવેશ કર્યો છે. આ પ્રકારનું કાર્ય કરવા પાછળનું કારણ એ કે સ્વતંત્રતા પછીનું ગુજરાત શું ખરેખર સ્વતંત્ર થઈ શક્યું છે ખરું બધી જ દૃષ્ટિએ ! એ દર્શાવી આપવાનું રહ્યું છે. ગાંધીજીનું સ્વતંત્ર ભારતનું સ્વપ્ન એ સ્વપ્ન જ રહ્યું એ વાતને આધારે વિવેચકે મુખ્યત્ત્વે ગુજરાતના સંદર્ભમાં અને એની સાથે સાથે ભારતની પરિસ્થિતિને પણ સમકાલીન વાતાવરણના અનુસંધાનમાં તપાસી છે. અને તપાસવા માટે અનુરોધ કર્યો છે. વિવેચકે સાહિત્ય સિવાયના જે અન્ય ક્ષેત્રો છે એને આવરી લઈને ગુજરાતની વણસતી જતી પરિસ્થિતિનો નિર્ભીક સૂરે ચિતાર આપ્યો છે. આ પ્રકારની દૃષ્ટિ સંવેદનશીલ માનવી અને પ્રતિબદ્ધ સર્જકની હોઈ શકે જે એમની છે. ગુજરાતના વિકાસની વરવી બાજુનું દશ્ય, શ્રીમંત અને સામાન્ય વર્ગની પરિસ્થિતિ વચ્ચેનો ભેદ, રાજકારણની ગંદી રમતો વિશેના ઉલ્લેખ, પોતીકાં સંદર્ભોને ફંગોળી દેવાયાં, સ્વતંત્રતાની પ્રાપ્તિ પછી થતાં પરિવર્તનની તપાસ, વિકાસના ભયસ્થાનો જેવા મુદ્દાઓને સમકાલીન સંદર્ભે ઐતિહાસિક અભિગમે ચર્ચે છે. વિવેચકની સાહિત્યિક અને વિવેચનલક્ષી વિચારણામાં તબક્કાવાર જે સ્થિત્યંત્તર આવ્યાં છે એનું પરિણામ 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત' જેવા ગ્રંથ વડે મળે છે. વિવેચકની ચેતનાનો વિકાસ થતો ને થતો જ ગયો છે એમ કહેવામાં અતિશયોકિત નથી. કારણકે વિવેચક કૃતિનિષ્ઠથી માનવતાવાદી અભિગમ તરફ ગતિ કરી રહ્યાં છે. આ ગ્રંથ એનો સબળ પૂરાવો છે.

આ ગ્રંથ રચવા પાછળનું પ્રયોજન એ કે શું લોકોમાં ખરેખર સ્વતંત્રતા પછી જાગૃતિ આવી ? આપણે લોકો ખરા અર્થમાં સ્વતંત્ર છે ? બધા ક્ષેત્રોને આવરી લેતાં

આ ગ્રંથ દ્વારા વાચક-ભાવકની ચેતના વિસ્તરે, સૂઝ અને સમજ પણ વિસ્તરે એ પ્રયોજન રહ્યું છે. આ પ્રકારના ગ્રંથો પ્રાપ્ત થતાં રહે તો થોડીક પ્રજામાં તો જાગૃતિ આવશે.

**'સુરેશ જોષી સંચય'**(પ્ર.આ.૧૯૯૨) ગ્રંથનું સંપાદન વિવેચકે જયંત પારેખ સાથે કર્યું છે. સંપાદકીય નોંધ પણ બંને સંપાદકોએ ભેગા મળીને જ આપી છે. એમાંથી કયા સંપાદકોનો કયો વિચાર છે, કંઈ દૃષ્ટિ છે, શું પ્રયોજન છે એની ખબર પડતી નથી. આ સંચયમા સુરેશ જોષીના સર્જન-વિવેચનમાંથી પસંદ કરેલ કૃતિઓ અને વિવેચનનો સમાવેશ થાય છે. સુરેશ જોષીનું સાહિત્યિક ઘડતર, ગુજરાતી સાહિત્યને નવી દિશા આપનાર, વિશ્વસાહિત્યને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોતાં મૂલવતાં શીખવાડનાર તથા વ્યકિતત્વ વિશે સંપાદકોએ પરિચય કરાવ્યો છે. આ ગ્રંથ કરવા પાછળનું પ્રયોજન સંપાદકો જણાવે છે કે, **'અહીં એમના સમગ્ર સર્જનાત્મક વ્યકિતત્વને પામવામાં સહાયરૂપ થાય એ રીતે કૃતિઓને પસંદ કરવામાં આવી છે'**[૧૮૫] ટૂંકમાં સુરેશ જોષીના સાહિત્ય વિશ્વનો પરિચય કરાવવાનું પ્રયોજન રહ્યું છે. એમની સર્જન સૃષ્ટિમાં અખંડિતતાનો પરિચય કરાવવાનો ઉદ્દેશ રહ્યો છે.

**'શોધ નવી દિશાઓની'**(પ્ર.આ.૧૯૯૩) વિવેચકે આ ગ્રંથમાં નવમાં દાયકાની સાહિત્યિક કૃતિઓ અને વિવેચન વિશે જે સમીક્ષાઓ થઈ છે એનો સમાવેશ કર્યો છે. વિવેચકે સંપાદકીય નોંધમાં ભૂતકાળને પરંપરાને સાથે લઈને ચાલવાની વાત પર ભાર મૂકયો છે. નવમાં દાયકાના સાહિત્યમાં આગલા દાયકાના સાહિત્યના કેટલાંક જૂના પ્રવાહો જોવા મળે છે એનો નિર્દેશ કરી આપ્યો છે. રૂપરચનાની વિચારણાને જયારે આત્યંતિક ભૂમિકાએ લઈ જવામાં આવી હતી, માનવીની ઉપેક્ષા થઈ હતી એ હવે સમજાવા લાગે છે. એમ કહી વિવેચક માનવતાવાદી અભિગમ તરફ અંગુલિનિર્દેશ કરી રહ્યાં છે એની પ્રતીતિ થાય છે. આ બધી ભૂમિકાઓની ચર્ચા-વિચારણા કરીને વિવેચકે નવમાં દાયકાની સાહિત્યકૃતિ અને વિવેચન અંગે પોતાના તારણો મૂલ્યાંકનો નિરીક્ષણો સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કર્યા છે. કેવા કેવા પ્રશ્નો, મુદ્દાઓની ચર્ચાઓ થવી જોઈતી હતી એનો પણ ઉલ્લેખ કર્યો છે. આગલા દાયકાઓના અને નવમાં દાયકાના સાહિત્ય

વચ્ચેનો ભેદ પણ દર્શાવી આપ્યો છે. વિવેચકે નિર્ભીકપણે પોતાના મંતવ્યો કૃતિ અને વિવેચન અનુષંગે આપ્યાં છે એની નોંધ લેવી ખપે. કયું સાહિત્ય સ્વરૂપ વ્યવસ્થિત રૂપે આવે છે અને કયું સાહિત્ય સ્વરૂપ સ્થગિતતાની અનુભૂતિ કરાવે છે એની ચર્ચાઓ પણ કરી છે. આ સંપાદન ગ્રંથ નવમાં દાયકાના સાહિત્ય અને વિવેચન વિશે તુલનાત્મક અને માનવીય અભિગમે ઘણું કહી જાય છે.

**'ગુજરાતી વાર્તાસંચય : ૧' અને 'ગુજરાતી વાર્તાસંચય : ૨'** (પ્ર.આ.૧૯૯૯) સંપાદિત પુસ્તકમાં વાર્તાઓનો સમાવેશ એની લાક્ષણિકતાઓ, વિકાસના અનુસંધાને કર્યો છે. પ્રથમ ભાગમાં કનૈયાલાલ મુનશીથી આરંભાઈ જયંતિદલાલ સુધીના સર્જકોની વાર્તાઓને આવરે છે. જયારે બીજા ભાગમાં સુરેશ જોષીથી હિમાંશી શેલત સુધીના સર્જકોની વાર્તાઓનો સમાવેશ કર્યો છે. આ પુસ્તકનું સંપાદન અન્ય સંપાદક સાથે મળીને કર્યું છે.

વિવેચકે એમના સંપાદન અનુષંગે કહ્યું છે કે, અમે **'વાર્તાકારોના જન્મ, પહેલી વાર્તા કે પહેલા સંગ્રહનાં રચના પ્રકાશનનાં વર્ષ આને આધારે ક્રમ નકકી કરવાને બદલે અમે ટૂંકીવાર્તાનો સ્વરૂપનાં સૂઝ અને શકયતાના વિકાસને આધારે નકકી કર્યો છે. એટલું જ નહિ, સામાન્ય પ્રથાથી અળગા પડીને કેટલાક વાર્તાકારોની એકથી વધારે કૃતિ પસંદ કરી છે.'**[૧૮૬] પરંતુ મને એમ લાગે છે કે એમના મત મુજબ ટૂંકીવાર્તાનું સ્વરૂપ અને શકયતા અંગેની સૂઝ વિશે એમણે સ્પષ્ટતા કરવાની હતી કે અમે આ ધોરણો, ગૃહીતોને આધારે આ સંપાદનમાં વાર્તાઓ પસંદ કરી છે. પરંતુ આ સંપાદનના પહેલાં ભાગમાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ કેવી રીતે ઉત્ક્રાન્ત થતું ગયું છે એની પ્રતીતિ થાય છે. પરંતુ ભાગ બીજામાં સંપાદકે પોતે કબૂલ્યું છે કે મોહન પરમારની 'વાડો' વાર્તા કરતાં એમની 'નકલંક' વાર્તા વધુ સારી છે છતાં સ્થળસંકોચને કારણે 'નકલંક' સમાવેશ નથી કરી શકતાં એનો અફસોસ વ્યકત કર્યો છે. એમની દષ્ટિએ 'વાડો' વાર્તા બીજી કક્ષાની છે તો પણ એનો સમાવેશ સંચયમાં કર્યો છે. તો વિવેચકના વાર્તાઓને પસંદ કરવાના કયા માપદંડો હોઈ શકે ? એ પ્રશ્ન મને થાય છે. આજ પ્રકારનું વલણ કિશોર જાદવની

વાર્તા માટે છે. એમની વાર્તાઓમાં સંક્રમણનો અભાવ લાગે છે છતાં એમની વાર્તાની પસંદગી કરી છે.

વાર્તા સંચયનો પ્રથમ ભાગ ટૂંકીવાર્તાના વિકાસને દર્શાવવામાં એકદંરે સફળ લાગે છે. વિવેચકે સંપાદકીય લેખમાં દરેક વાર્તા વિશે તારણો, મૂલ્યાંકનો, વિશેષતા મર્યાદાઓ દર્શાવી આપ્યાં છે. એ જ પ્રકારે ભાગ બીજામાં પણ દરેક વાર્તાઓ વિશે પોતાને થયેલી પ્રતીતિ મુજબ વાત મૂકી આપી છે. બીજા ભાગમાં ટૂંકીવાર્તાના ઉત્તરાર્ધમાં સ્થિત્યંત્તર આવે છે એની અને રચનારીતિનાં પ્રયોગોના અનુસંધાને વાર્તાકારોની શૈલી વિશેની વિશેષતા–મર્યાદાઓને ચર્ચી છે બંને વિભાગમાં વાર્તાઓની પસંદગી અનુષંગે સાતત્ય જોવા મળે છે ? વાર્તાની પસંદગી કયા ધોરણો અનુસાર કરી હશે ? સંપાદકની ચયન દૃષ્ટિ યોગ્ય છે ખરી ? વિવેચકે સંપાદકીય નોંધમાં વાર્તાઓ વિશે કૃતિનિષ્ઠ અને આસ્વાદમૂલક પદ્ધતિએ જે તારણો, નોંધો કરી છે એ ઉચિત પરિપ્રેક્ષ્યમાં રજૂ કરે છે. પરંતુ વાર્તાઓનો સંચય કરવા પાછળનું પ્રયોજન શું સ્પષ્ટ થાય છે ખરું ?

**'વીસમી સદીનું ગુજરાત'** (પ્ર.આ.૨૦૦૨) સંપાદિત પુસ્તકનું કાર્ય વિવેચકે અન્ય સંપાદકો સાથે કર્યું છે. સંપાદકીય દૃષ્ટિ આ સંપાદનકાર્યને કરવા માટેની એ છે કે, **'આ ગ્રંથમાં આપણી પ્રાપ્તિ–અપ્રાપ્તિનો જે ચિતાર આપવામાં આવ્યો છે તે સૌ ભેગા મળીને વધુ સમૃધ્ધ ગુજરાત કેવી રીતે સર્જી શકે એ માટે છે, આપણું આ સ્વપ્ન,આપણી આ ઝંખના ફળશે જ.'**[૧૮૭] આમ, ગુજરાતને સમૃદ્ધ બનાવવા માટે વિવેચકે ભૂતકાળ તરફ પરંપરા તરફ દૃષ્ટિ કરવી જ પડશે એ વિચારને પણ સંપાદકીય લેખમાં દર્શાવ્યો છે વિવેચકની વાત યોગ્ય જ છે. 'વીસમી સદીનું ગુજરાત'માં સાહિત્ય સિવાયના અન્ય ક્ષેત્રોને પણ સારું એવુ મહત્ત્વ આપવામાં આવ્યુ છે. કારણ કે 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત' સંપાદનમાં 'સાહિત્ય' વધુ કેન્દ્રમાં રહ્યું હતું. આથી 'વીસમી સદીનું ગુજરાત' સંપાદનમાં વિવેચકે અન્ય ક્ષેત્રોને પ્રાધાન્ય આપીને વીસમી સદીના ગુજરાતને, એના વાતાવરણ વિશે નિર્ભીકપણે પોતાના મંતવ્યો અને સૂચનો આપ્યાં છે.

વિવેચકે 'વીસમી સદીનું ગુજરાત' એની છબિ ઉપસાવી આપવા માટે ઓગણીસમી સદીને પણ ધ્યાનમાં રાખીને ચર્ચા કરી છે. વિવેચકનો હેતુ આ સંપાદન કરવા પાછળનો એ હતો કે એકવીસમી સદીના ચિત્રને સમજવા માટે વીસમી સદી, ઓગણીસમી સદી સુધી જવું પડે એની ચર્ચાઓ કરવી પડે. વિવેચકે વ્યાપક સ્તરે વિચાર્યું છે અને પોતાની કલમે ઊતાર્યું પણ છે. વિવેચકે રાજકારણીઓથી લઈ મધ્યમવર્ગની પરિસ્થિતિ, કુદરતી આફતોનો ચિતાર સામાજિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક સંદર્ભે આપ્યો છે. આ સંપાદન આજે પણ એટલું જ પ્રસ્તુત છે અને આગળ પણ એટલું જ પ્રસ્તુત રહેશે કારણ કે ગુજરાતની સિદ્ધિઓ-ત્રુટિઓનો જે નિર્દેશ કર્યો છે એ સચોટ રીતે કર્યો છે.

વિવેચકનો મુખ્ય સૂર આ સંપાદકીય લેખમાં એ છે કે, પરંપરાને સાથે લઈને ચાલો. વિવેચકનું કાર્ય ઊર્ધ્વગતિએ દરેક દિશાઓને સ્પર્શી રહ્યું છે. એનું એક ઉદાહરણ આજ સંપાદન કહી શકીએ. એમની આરંભની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણામાં સમકાલીન પ્રવાહો અંતર્ગત પરિવર્તન જોવા મળે છે એ નોંધવું અહીં ખપે. વિવેચકે આ પુસ્તક જેને અર્પણ કર્યું છે, એ અર્પણ જ એમની સામાજિક સાંસ્કૃતિક નિસ્બતને વ્યકત કરી આપે છે. આ સંપાદિત પુસ્તક શિક્ષણક્ષેત્રે વર્ચસ્વ ધરાવતું હોવું જોઈએ એટલું પ્રસ્તુત છે.

**'સુરેશ જોષીનું સાહિત્ય વિશ્વ'ભાગ ૧ થી ૭** (પ્ર.આ.૨૦૦૩-૦૬) નું સંપાદન વિવેચકે ગુજરાતી સાહિત્ય અકાદમીના અંતગર્ત રજૂ કર્યું છે. સુરેશ જોષીનું સાહિત્ય સૌ સહૃદય ભાવકો સુધી સરળતાથી પહોંચી શકે એના અનુસંધાને આ સંપાદન કરવામાં આવ્યું છે. ભાગ-૧-૨ નિબન્ધ વિશેના, ભાગ-૩ કથાસાહિત્ય, ભાગ-૪ કાવ્ય, ભાગ ૫-૬, વિવેચન, ભાગ-૭ અગ્રન્થસ્થ લખાણો વિશે પ્રાપ્ત થાય છે. વિવેચકે દરેક ગ્રંથમાં લાબી ભૂમિકા સુરેશ જોષીના સર્જનકાર્ય-વિવેચન-કાર્ય અંગે રજૂ કરી છે. વિવેચકે જે ચર્ચા-વિચારણા લાંબી ભૂમિકામાં કરી છે એ વિવેચક સુરેશ જોષીના સાહિત્ય સર્જન-વિવેચનના અનુસંધાનમાં જ ચર્ચી છે. વિવેચકે જેટલા ખંડો સુરેશ જોષીના સાહિત્યવિશ્વ સંદર્ભે આપ્યાં છે એ દરેક ખંડમાં વિવેચકે જે લાંબી ચર્ચા-વિચારણા આપી છે એ અભ્યાસીઓને, વાચકોને મદદરૂપ

બની શકે છે. વિવેચકનું આ સંપાદનકાર્ય ઐતિહાસિક બની રહે એ પ્રકારનું છે. સંપાદકની સૂક્ષ્મ દૃષ્ટિનો પરિચય સુરેશ જોષીના સાહિત્ય વિશ્વખંડમાંથી પસાર થતા અચૂક પણે થાય છે.

**'ગુજરાતી નવલિકાચયન ૨૦૦૧'** (પ્ર.આ.૨૦૦૪) નું સંપાદનકાર્ય વિવેચકે ધૂમકેતુ શ્રેણી અંતર્ગત કર્યું છે. આ સંપાદન પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદે કર્યું છે. વાર્તાઓની પસંદગી વાર્તાકારોની વાર્તાની ઉત્તમત્તાની દૃષ્ટિએ નથી કરી પરંતુ વાર્તાકારોને કક્કાવારી પ્રમાણે ગોઠવ્યાં છે. વિવેચકે દસ વાર્તાઓની ચર્ચા આસ્વાદમૂલક પદ્ધતિએ કરી છે. વાર્તાઓને કલાદેહ આપનારાં તત્ત્વો કયાં છે એની નોંધ વિવેચકે લીધી છે. પરંતુ વાર્તાઓ વિશેનું મૂલ્યાંકન ઊંડાણપૂર્વક કર્યું નથી એની પ્રતીતિ થાય છે. વિષયવસ્તુ અને પાત્રલેખનને ઝીણવટથી તપાસ્યાં છે. આ સંપાદન કરવા પાછળનું પ્રયોજન ટૂંકીવાર્તાને ઘણા સૂચનો કરી જાય છે. **'અહીં ગ્રંથસ્થ થયેલી વાર્તાઓ ઉત્તમોત્તમ છે એવું કહેવાનો તો મારો કે કોઈ પણ સંપાદકનો દાવો હોઈ ન શકે. આ વાર્તાઓમાંથી દસેક વર્ષ પછી ત્રણેક વાર્તાઓ પણ નીવડેલી બને તો આ પુરુષાર્થ સાર્થક થાય.'**[૧૮૮] વિવેચકે વાર્તામાં પ્રયોજાતી શૈલી અને પ્રયુક્તિઓની તપાસ ઉચિત પરિપ્રેક્ષ્યમાં લીધી છે. આ સંપાદકીય લેખ માહિતીલક્ષી પ્રતીત થાય છે.

**'વિવેચનપોથી'** (પ્ર.આ.૨૦૦૮)નું સંપાદન વિવેચકે ઐતિહાસિક અભિગમને કેન્દ્રમાં રાખીને કર્યું છે. વિવેચકે સંપાદન ગ્રંથનાં પ્રયોજન વિશે નોધ્યું છે કે, **'સામાન્ય રીતે ગુજરાતી વિવેચનમાં પ્રયોજાતી કેટલીક સંજ્ઞાઓ, ઘણું કરીને કાવ્યવિવેચનના સન્દર્ભમાં વિશે નર્મદથી માંડીને વર્તમાન વિવેચકોનાં અવતરણો આનૂપૂર્વીમાં અહી ગોઠવ્યાં છે ; આમાંથી પસાર થનારને મારી જેમ પ્રતીતિ થશે કે ગુજરાતી વિવેચને કેટલાંક મૂળભૂત પ્રશ્નો પહેલેથી સૂઝ-પૂર્વક છેડયા છે. આ વિભાવનાઓ સમય જતાં કેવી રીતે વિકસતી જાય છે. દઢ થતી જાય છે એનો અંદાજ પણ વાંચનારને આવશે.'**[૧૮૯] વિવેચકે ૫૬ પારિભાષિક સંજ્ઞાઓના વિવેચકો-સર્જકોના મંતવ્યોને રજૂ કર્યા છે. વિવેચકે સંજ્ઞાઓ વિશેના પોતાના મતને દર્શાવી આપ્યાં છે. વિવેચકે આ સંપાદન હેઠળ કરાવી આપી છે. 'વિવેચનપોથી'

જેવું સંપાદનકાર્ય વિવેચક માટે કેટલું થકવી નાખનારું રહ્યું એ વાતને પણ એમણે નોંધી છે. છતાં વિવેચકે મહેનત માંગી લે એવા કાર્યને આકાર આપ્યો જે આપણી ગુજરાતી વિવેચન પરંપરાની સમૃદ્ધિને દર્શાવી આપે છે. વિવેચકની ગુજરાતી વિવેચન પરંપરા માટેની જે ફરિયાદ હતી, એને આ કાર્ય બાદ ફરિયાદ કહી શકાશે નહિ. કારણ કે એમની વિવેચનલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર આવતાં એમની પાસેથી આપણને 'વાત આપણા વિવેચનની' અને 'વિવેચનપોથી' જેવા વિવેચન પરંપરાની સમૃદ્ધિને દર્શાવતાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે. આ પુસ્તક વગર કોલેજ અને યુનિવર્સિટીના ગ્રંથાલયોને નહિ ચાલે.

## પાદટીપ

૧૮૧ 'સુરેશ જોષીની વાર્તાકળા વિશે', માનીતી અણામાનીતી, બીજી આવૃતિ.૧૯૮૫, પૃ.૧૨૯

૧૮૨ 'સુરેશ જોષીના નિબંધ વિશે', ભાવયામિ, પ્રથમ આવૃતિ.૧૯૮૫, પૃ.૨૫૫

૧૮૩ એજન, પૃ.૨૫૬

૧૮૪ એજન, પૃ.૨૮૧

૧૮૫ 'પ્રાસ્તાવિક', સુરેશજોષી સંચય, પ્રથમ આવૃતિ.૧૯૯૨, પૃ. ૨

૧૮૬ 'થોડુક આ સંપાદન નિમિત્તે', ગુજરાતી વાર્તાસંચય, પ્રથમ આવૃતિ.૧૯૯૯, પૃ.૪૫

૧૮૭ 'સંપાદકીય', વીસમી સદીનું ગુજરાત, પ્રથમ આવૃતિ.૨૦૦૨, પૃ.૫

૧૮૮ 'સંપાદક તરફથી', ગુજરાતી નવલિકાચયન, પ્રથમ આવૃતિ.૨૦૧૪, પૃ.૧૩

૧૮૯ 'એક બે વાત', વિવેચન પોથી, પ્રથમ આવૃતિ. ૨૦૦૪, પૃ.૪,૫